# Sharing books with your baby

**Sharing books is a wonderful way to help your child learn to talk, and it's the ideal opportunity to share a cuddle at the same time.**

- Find a quiet place. Turn off the TV or radio so there are no distractions.
- As well as reading the story, talk about the pictures. If there's a picture of a dog, talk about a dog that you know.
- Give your child time to respond to your chatter.
- Don't put any pressure on your child to name the pictures, but if she copies your words, praise her and say the word again for her.
- Visit your library for different books – it's free to join. Don't worry if books get damaged; libraries understand that this sometimes happens.
- Don't read for too long. Young children get bored quickly so little and often is best.
- Let other grown-ups – grandparents, carers and older brothers and sisters – join in too.
- It's good to share favourite books again and again. Repetition helps children to understand and remember the language they hear.
- Remember, you're not teaching your child to read. You learn to talk a long time before you learn to read, and book sharing is a wonderful way to help your child's language development.

# તમારા બાળકની સાથે બેસીને પુસ્તકો વાંચવા

**તમારા બાળકને પુસ્તકો વાંચીને સંભળાવવા એ તેને બોલવાનું શીખવવા માટેનો એક અદ્ભૂત રસ્તો છે અને સાથે સાથે તેને લાડ લડાવવાની એક આદર્શ તક પણ તમને મળે છે.**



© Posy Simmonds

- શાંત જગ્યા શોધો. ટીવી અથવા રેડિયો બંધ કરી દો જેથી અવાજ ન આવે.
- વાર્તા કહેવાની સાથે સાથે તેમાં આપેલાં ચિત્રો વિશે પણ વાત કરો. જો તેમાં કૂતરાનું ચિત્ર હોય તો તમે જાણતાં હો તેવાં કોઈ કૂતરાની પણ વાત તેની સાથે કરો.
- તમે તમારી વાર્તા એવી ધીમેથી કહો કે તમારું બાળક તે સાંભળીને તેનો પ્રતિભાવ આપે.
- ચિત્રોનાં નામ શું છે તે બોલાવવા માટે તમારા બાળકને દબાણ નહીં કરતાં, પણ જો તેણી તમે બોલેલાં શબ્દોની નકલ કરે તો તેણીનાં વખાણ કરજો અને એ જ શબ્દો ફરીથી બોલશો.
- જુદાં જુદાં પુસ્તકો માટે તમારી લાયબ્રેરીની મુલાકાત લેશો - લાયબ્રેરીનો લાભ મફત લઈ શકાય છે. પુસ્તકોને થોડું નુક્શાન થાય તો ચિંતા કરશો નહીં લાયબ્રેરીઓ સમજે છે કે આવું ક્યારેક બનતું હોય છે.
- લાંબો સમય પુસ્તકો વાંચશો નહીં. નાનાં બાળકો જલ્દીથી કંટાળી જાય છે એટલું થોડું અને ક્યારેક ક્યારેક વાંચવું જ સર્વોત્તમ ગણાય.
- બીજાં મોટાં છોકરાંઓ, દાદા-દાદી, કેરરો (સંભાળ રાખનારા) અને મોટાં ભાઈ-બહેનોને પણ પુસ્તકો વાંચતી વખતે સાથે રાખો.
- ગમતાં પુસ્તકો વારંવાર વાંચવા સારું ગણાય છે. બાળકો જે સાંભળે છે તે સમજવામાં અને યાદ રાખવામાં પુનરાવર્તન ઘણું મદદરૂપ બને છે.
- યાદ રાખશો કે તમે તમારા બાળકને વાંચવાનું નથી શીખવતાં. તમે વાંચવાનું શીખો તે પહેલાં તમારે લાંબો સમય સુધી વાત કરવાનું શીખવું પડે છે અને પુસ્તકોની વાર્તા વાંચીને કહેવી એ તમારા બાળકની ભાષાકીય આવડતોનો વિકાસ કરવા માટેની અદ્ભૂત પધ્ધતિ છે.

National Literacy Trust

Talk To Your Baby